વધુ રુ.ન્ય ... —૨૦૧. —

ક્રમાંક:રાજ/શાખા/પો/ચેલબી-૪/ ...૧૯૯૫.

પોલીસ કમીશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ.
તા. ૧૯-૧૨-૯૫.

જા હે ર ના મું : -

રાજકોટ શહેરનો વિકાસ ખૂબ ઝડપથી થઇ રહ્યો છે. અને સાથોસાથ વસ્તીનું પ્રમાણ વધતું જાય છે મોટર વાહનોની સંખ્યામાં પણ ગણનાપાત્ર વધારો થયેલ છે નવી ટેકનીકથી બનાવેલ વાહનોમાં હાઇસ્પીડ એન્જીન બેસાડવામાં આવેલ છે તેની ઝડપ પણ ખૂબ વધારે હોય છે જેથી અકસ્માતો બનતા અટકાવવા માટે વાહનોની ઝડપ નિયંત્રીત કરવાનું વિચારેલ છે આથી અત્રેના ક્રમાંક:રાજ/શાખા/પો/ચેલબી/૪/૯૫/૧૯૯૫,તા.૨૬-૧૦-૯૫થી જાહેર નોટીસ પાઠવી જાહેર જનતાના વાંધા સુચનો માંગવામાં આવેલ જે અન્વયે કોઇ વાંધા સુચનો મળેલ નહીં જે ધ્યાને લઇ કાળજી પુર્વક વિચારણા બાદ નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

આથી હું ચિતરંજનસિંહ, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મળેલ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩/૧/ /બી/ થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રસ્તાઓ ઉપર મોટર સાયકલ, ત્રણ વ્હીલથી ચાલતા વાહનો ઓટો રીક્ષા, છકડો રીક્ષા, લાઇટ મોટર વાહનો, કાર,મેટાડોર તથા ભારે વાહનો ટ્રક ટેન્કર બસ, વિગેરે વાહનોની કલાકના ૪૦ કી.મી.ની ગતિથી વધુ ગતિએ ન ચાલે તે માટે ગતિ નિયંત્રણ ફરમાવું છું.

/૧/ રણછોડ આશ્રમથી ડીલક્ષ ટોકીઝ થઇ કેસરી હિન્દ પુલ થઇ હોસ્પીટલ ચોકી સુધીનો અમદાવાદ રોડ.

/૨/ હોસ્પીટલ ચોકથી પોલીસ હેડ કવાર્ટસ ઓવરબ્રીજ સુધીનો જામનગર રોડ.

/૩/ હોસ્પીટલ ચોકથી જયુબેલી ચોક થઇ ત્રિકોણબાગ સુધીનો જવાહર રોડ.

/૪/ રેષકોર્ષ રીંગ રોડ.

/૫/ એલ.આઇ.સી.સર્કલથી કોટેચા ચોક થઇ જકાતનાકા સુધીનો કાલાવડ રોડ.

/૬/ કોટેચા ચોક થઇ નિર્મલા કોન્વેન્ટ સ્કુલ થઇ હનુમાન મઢી સુધીનો રોડ,

/૭/ એલ.આઇ.સી.સર્કલથી એસ્ટ્રોન ટોકીઝ થઇ વિરાણી હાઇસ્કુલ થઇ ભકિતનગર સ્ટેશન સુધીનો ટાગોર માર્ગ.

/૮/ જીલ્લા પંચાયત ચોકથી રામકૃષ્ણ આશ્રમ થઇ માલવીયા ચોક સુધીનો ડો.યાજ્ઞીક રોડ.

/૯/ ઢેબર ચોકથી મ્યુનિસિપલ ચોક બસ સ્ટેશન થઇ સ્વામીનારાયણ ગુરૂકુળ પાછળ થઇ રેલ્વે ફાટક સુધીનો ઢેબર રોડ.

/૧૦/ માલવીયા ચોકથી લોધાવાડ ચોક થઇ બોમ્બે હોટલ થઇ સ્વામીનારાયણ ગુરૂકુળ સુધીનો ગોંડલ રોડ.

/૧૦/ ઘુપેન્દ્ર રોડ.

/૧૧/ ભકિતનગર સોસાયટી સર્કલથી સોરઠીયાવાડી સર્કલ થઇ ભાવનગર રોડને મળતો ૮૦ ફુટનો રોડ.

૧૩। સોરઠીયાવાડી સર્કલથી ગોંડલ બાયપાસનો માતો કોઠારીયા રોડ.

૧૪। ૮૦ ફુટનો રોડના પૂર્વ છેડાથી ચુનારવાડ ચોક થઇ ડોલર સીનેમા સર્કલ સુધીનો ભાવનગર રોડ.

૧૫। ગ્રાનલેન્ડ સર્કલથી માર્કેટીંગ યાર્ડ સુધીનો ગોંડલ બાય પાસ રોડ.

આ જાહેરનામું મોટર સાયકલ ત્રણ વ્હીલથી ચાલતા વાહનો ઓટો રીક્ષા, છકડો, રીક્ષા, લાઇટ મોટર વાહનો, કાર, મેટાડોર તથા ભારે વાહનો ટ્રક, ટેન્કર, બસ વિગેરે વાહનો માટે લાગુ પડશે.

આ હુકમના ભંગ બદલ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા. ૧-૧૨-૧૯૯૫થી કરવા આથી ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૯-૧૨-૧૯૯૫ના રોજ મારી સહી તથા સીક્કા નીચે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

( ચિતરંજનસિંઘ, )
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.
૧/૧૨

નકલ સવિનય રવાના :-

૧: ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ.શ્રી, રાજકોટ.
૨: જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૩: કમિશ્નરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પો. રાજકોટ.
૪: વિભાગીય નિયામકશ્રી, રાજકોટ. (પાંચ નકલો સાથે)
૫: સંયુકત માહિતિ નિયામકશ્રી, રાજકોટ. (પાંચ નકલો સાથે)
સ્થાનીક વર્તમાન પત્રમાં સમાચાર તરીકે પ્રગટ કરાવવાની કાર્યવાહી કરાવવા સારૂ.
૬: મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ તરફ.
આ જાહેરનામાની પ્રસિધ્ધી ગેઝેટમાં કરી અને ગેઝેટની નકલો અમારી કચેરીની લાયસન્સ શાખામાં તાકીદે મોકલવા સારૂ.
૭: સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર.
૮: એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર.
૯: નાયબ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
૧૦: મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી, પૂર્વ વિભાગ / પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૧૧: તમામ પોલીસ ઇન્સ.શ્રી, રાજકોટ શહેર.
આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધ અર્થે વધારાની પાંચ નકલો સાથે.

ક્રમાંક:-રાજ/સીપી/ચેલ્પી-૨/ટ્રાફિક/૨૧૯૦૮'૯૨.

પોલીસ કમીશ્નરની કચેરી
રાજકોટ શહેર, રાજકોટ
તારીખ:- ૨૬-૮-૧૯૯૨.
૨૭

જા હે ર ના મું :-

રાજકોટ શહેર બાયપાસના રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮-બ ના કીલોમીટર ૧૮૩/૦ થી ૧૮૪/૨૦૫ (માર્કેટીંગ યાર્ડથી ગ્રીન્ડ લેન્ડ કરાન) વચ્ચેની લંબાઈ વચ્ચેના હયાત રાષ્ટ્રીય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવાનું કામ ટુંક સમયમાં જાહેર બાંધકામ ખાતા મારફતે ચાલુ કરવાનું છે. આ માર્ગ પરનું વિસ્તરણ કામ ચાલુ હોય તે સમય દરમ્યાન કોઈ અકસ્માત બનવા ન પામે તે માટે આ માર્ગ પરથી પસાર થતા વાહનો એક બીજાને ઓવર ટેક ન કરે તથા વાહનો ૩૦ કીલોમીટર થી વધુ ઝડપે ન ચલાવે તે રીતે ટ્રાફિક રેગ્યુલેશન કરવું હિતાવહ જણાય છે.

આથી હું સી.પી. સોહ્મ પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩-૧-બ અન્વયે મળેલ સત્તાની રૂએ રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮-બ ના રાજકોટબાયપાસના કી.મી. ૧૮૩/૦ થી ૧૮૪/૨૦૫ (માર્કેટીંગ યાર્ડથી ગ્રીન્ડ લેન્ડ કરાન) વચ્ચેના ભાગમાંથી પસાર થતા વાહનોએ બીજા વાહનોને ઓવર ટેક કરવા નહી તથા ૩૦ કી.મી. થી વધુગતી રાખવી નહી. આ પ્રતિબંધ તા. XXXXXXX ૩૧-૧૨-૯૨ અથવા કામ પુર્ણ થાય ત્યાં સુધી બન્નેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી ચાલુ રહેશે.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ ના ખંડ-બ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા.૧-૯-૯૨ થી કરવા આથી ઠરાવવામાં આવે છે.

આજ રોજ તા.૨૬-૮-'૯૨ ના રોજ મારી સહી તથા સીક્કા ની જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

( સી.પી.સોહ )
પોલીસ કમીશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ જાણકારત સાથ રવાના :-

૧) ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ.શ્રી રાજકોટ.
૨) કમીશ્નરશ્રી રા.મ્યુ.કોર્પો. રાજકોટ.
૩) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
સંયુક્ત માહિતી નિયામકશ્રી રાજકોટ શહેર. (પાંચ નકલ).
સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર તરીકે પ્રગટ કરાવવાની કાર્યવાહી સારૂ.
૬) મેનેજરશ્રી સરકારી પ્રેસ રાજકોટ શહેર તરફ.
આ જાહેરનામાની પ્રસિધ્ધી અસાધારણ ગેઝેટમાં કરી ગેઝેટની નકલો અત્રેના લાયસન્સ શાખામાં મોકલવા સારૂ.
૭) કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ, રાજકોટ.
પોલીસ સુપ્રી.શ્રી પુર્વ/પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર, રાજકોટ.
૯) સબ-ડીવીઝનલ મેજી.શ્રી રાજકોટ.
એકઝી. મેજી.શ્રી રાજકોટ શહેર.
તમામ પોલીસ ઈન્સ.શ્રી રાજકોટ શહેર, રાજકોટ.

જાહેરનામાની ... ... (... ...)

ચાડીયા ૨૬૮૯૨'

- "શ્રી" ગતિમર્યાદા"

ક્રમાંક:-સીપી/૪/૨૬૨૯૬/'૮૭.

પોલીસ કમીશ્નરની કચેરી
રાજકોટ શહેર, રાજકોટ.
તારીખ:-૩૦ -૧૦-'૮૭.

-: જા હે ર ના મુ :-

રાજકોટ શહેરમાંથી કાલાવડ તરફ જતાં રસ્તા કે જ્યાં વારંવાર શૈક્ષણિક સંસ્થાઓ, દવાખાનાઓ અને રહેણાંક વિસ્તાર પણ આવેલ છે તેમજ વાહન વ્યવહારનું પ્રમાણ વધારે રહે છે અને ઝડપથી પસાર થતાં વાહનોથી નાના મોટા અકસ્માતો થાય છે. જે નિવારવા નીચેના શેડ્યુલમાં નિર્દેશ કરેલા રસ્તા પર પસાર થતાં કે જેની વ્યાખ્યા મોટર વ્હીકલ એક્ટની કલમ -૨ ની પેટાકલમ- ૧૮ માં દર્શાવવામાં આવેલ છે તે વાહનોની ઝડપ પર નિયંત્રણ મુકવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું આર. એમ. ભટ્ટાચાર્ય, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ અમોને મોટર વ્હીકલ એક્ટની કલમ ૭૧(૨) નીચે ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના જાહેરનામાં નંબર એમવીએ-૬૧૫૭ તારીખ:-૧૩-૭-૫૯ થી મળેલ અધિકારની રૂએ આ નીચેના શેડ્યુલમાં દર્શાવેલ રસ્તા પર તેની સામે બતાવેલ ઝડપથી વધુ ગતિએ દરેક મોટર મોબાઈલ વાહનો નહીં ચલાવવા હુકમ કરું છું.

આ જાહેરનામાનો અમલ તારીખ:- ૩૦ -૧૦-'૮૭ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મોટર વ્હીકલ એક્ટ ૧૯૩૯ની કલમ ૧૧૫ માં બતાવ્યા મુજબ કામ ચલાવવામાં આવશે અને તેમાં બતાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

-: શેડ્યુલ :-

| રસ્તાનું નામ | ગતિ નિયંત્રણ |
|---|---|
| ૧) મહીલા કોલેજ ચોકથી નાના મવા સુધીના કાલાવડ રોડ પર | ૨૦ કીમી. દર કલાકે. |
| ૨) મહીલા કોલેજ ચોકથી કિશાનપરા ચોક સુધી | --''-- |
| ૩) મહીલા કોલેજ ચોકથી એસ્ટ્રોન ચોક, વિરાણી હાઈસ્કુલ, ભકિતનગર સ્ટેશન સર્કલ, ભકિતનગર સ્ટેશન રોડ કે જે ગોંડલ રોડને મળે છે ત્યાં સુધી. | --''-- |
| ૪) એસ્ટ્રોન ચોકથી સરદાર નગર મેઈન રોડ ડો. યાજ્ઞીક રોડને મળે ત્યાં સુધી. | --''-- |

...૨/-

આજ રોજ તારીખ:-૩૦ -૧૦-૧૯૮૭ ના રોજ અમારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

૩૦/૧૦/૮૭
( આર. એન. ભટ્ટાચાર્ય )
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ જયભરત સહ :-

૧) શ્રી સચિવ, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

૨) શ્રી કલેકટર, રાજકોટ જીલ્લા, રાજકોટ.

૩) શ્રી વિભાગીય નિયામક, ગુજરાત રાજય, માર્ગ વાહન વ્યવહાર ડેપો., રાજકોટ.

૪) શ્રી જીલ્લા માહિતી અધિકારી, જયુબીલી બાગ રાજકોટ (પાંચ નકલમાં) દૈનિક પત્રમાં પ્રસિધ્ધિ માટે.

૫) શ્રી જીલ્લા અને સેસન્સ જજ., રાજકોટ.

૬) શ્રી વ્યવસ્થાપક સરકારી પ્રેસ, રાજકોટ (પાંચ નકલમાં) ગેઝેટમાં પ્રસિધ્ધી માટે.

૭) શ્રી એસ.પી., રાજકોટ શહેર.

૮) શ્રી કમિશ્નર, રાજકોટ મ્યુ. કોર્પો. રાજકોટ.

૯) શ્રી પોલીસ ઈન્સ. એ/બી/સી/પ્ર.નગર/રા.તાલુકા/પીસીબી/ડીસીબી/હેડ કવા./વાયરલેસ/ ટ્રાફિક શાખા.

મુકડાણા_૨૮-૧૦૮૭